ધોળકા

# નગરવાણી

નગરવિકાસમાં લોકોની સહભાગિતાને પ્રોત્સાહિત કરતું સામયિક વર્ષ-૨, અંક-૯, સળંગ અંક-૧૭ સપ્ટેમ્બર, ૨૦૦૫

**આપણું નગર**

## ચૂંટણી આવી રહી છે

ગુજરાતની ૪૯ નગરપાલિકાઓ, ૨૩ જિલ્લા પંચાયતો અને ૨૦૯ તાલુકા પંચાયતોની ચૂંટણી ૨૫મી ઓક્ટોબરે યોજાશે. ધોળકા નગરપાલિકાની મુદત તો ડિસેમ્બર-૨૦૦૪માં પૂરી થઈ હતી. તેની ચૂંટણી પણ આ જ તારીખે યોજાશે. આ અંગેનું જાહેરનામું બહાર પડી ગયું છે અને આચાર સંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. મતદાનનો સમય સવારના ૮.૦૦થી સાંજના ૫.૦૦નો રહેશે. ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ આ મુજબ જાહેર થયો છે: (૧) ચૂંટણીની નોટિસો અને જાહેરનામાં પ્રસિદ્ધ કરવાની તારીખઃ ૬.૧૦.૨૦૦૫. (૨) ઉમેદવારીપત્રો રજૂ કરવાની છેલ્લી તારીખઃ ૧૧.૧૦.૨૦૦૫. (૩) ઉમેદવારીપત્રોની ચકાસણીઃ ૧૩.૧૦.૨૦૦૫. (૪) ઉમેદવારી પત્ર પાછું ખેંચવાની તારીખઃ ૧૪.૧૦.૨૦૦૫. (૫) મતદાનની તારીખઃ ૨૫.૧૦.૨૦૦૫ (સમય સવારના ૮.૦૦થી સાંજના ૫.૦૦) (૬) મતગણતરીઃ તા.૨૭.૧૦.૨૦૦૫.

**પાલિકાની પગદંડીએ**

## પાણીનાં ગેરકાયદે જોડાણો પકડવાની ઝુંબેશ

નગરપાલિકા દ્વારા છેલ્લા બે માસથી પાણીનાં ગેરકાનૂની જોડાણો પકડવાની અને તેવાં જોડાણો કાપી નાખવાની ઝુંબેશ ચલાવવામાં આવી છે. આ માટે નગરપાલિકાના કર્મચારીઓની જુદી જુદી ટુકડીઓ નગરના જુદા જુદા વિસ્તારોમાં જાય છે. તેઓ દરેક ઘરના જોડાણની તપાસ કરે છે અને તે કાનૂની છે કે ગેરકાનૂની તેની તપાસ કરે છે. છેલ્લા બે માસમાં ૧૫૦૦ જેટલાં ગેરકાનૂની જોડાણો પકડી પાડવામાં આવ્યાં છે, અને જોડાણધારક પાસેથી દંડ વસૂલ કરવામાં આવ્યો છે, અને તેમને કાયદેસરનું જોડાણ આપવામાં આવ્યું છે. આ કામગીરી દરમ્યાન રૂ. ૩.૩૮ લાખનો દંડ વસૂલ કરાયો છે અને રૂ. ૨.૨૫ લાખનો પાણી વેરો વસૂલ કરવામાં આવ્યો છે.

## નર્મદા યોજના આધારિત પાણી પુરવઠા યોજના

ગુજરાત રાજ્ય સરકારે ૨૦૦૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવાનું નક્કી કર્યું છે. તે નિમિત્તે નર્મદા યોજના આધારિત પાણી પુરવઠા યોજના ધોળકા નગરમાં શરૂ થશે. આ માટે કુલ રૂ. ૩,૨૪,૮૦,૬૨૧ના ખર્ચનો અંદાજ મૂકવામાં આવ્યો છે. તેમાં સમ્પ, રાઈઝિંગ મેઈન અને ઈ.એસ.આર.નાં કામો થશે. આ કામોના પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ હિંમતનગરની 'ડિઝાઈન દિશા' કંપની છે. આ માટેનાં ટેન્ડર ફોર્મ મંગાવવા માટે ધોળકા નગરપાલિકાના વહીવટદાર, મુખ્ય અધિકારી અને પ્રોજેક્ટ કન્સલ્ટન્ટની સહીથી એક જાહેર નિવિદા વિવિધ અખબારોમાં આપવામાં આવી હતી. આ માટેના ટેન્ડર ફોર્મ આપવાનું તા.૨૯.૯.૨૦૦૫થી તા.૭.૧૦.૨૦૦૫ દરમ્યાન થશે તેમ તેમાં જણાવવામાં આવ્યું હતું અને ટેન્ડર ખોલવા માટેની તારીખ ૧૪.૧૦.૨૦૦૫ નક્કી કરાઈ હતી.

## ગટરલાઈનોના બાંધકામની પ્રક્રિયા શરૂ

રાજ્ય સરકારે મનોરંજન વેરા હેઠળ મંજૂર કરેલી ગ્રાન્ટમાંથી ધોળકા નગરમાં વિવિધ વિસ્તારોમાં ગટરલાઈન નાખવાનું કામ કરવા માટે નગરપાલિકાએ ટેન્ડરો મંગાવ્યાં હતાં. નગરપાલિકાના વહીવટદાર અને મુખ્ય અધિકારીની સહીથી આ માટે અખબારમાં ઓગસ્ટ-૨૦૦૫માં એક જાહેરખબર આપવામાં આવી હતી. ગટરલાઈનનાં આ કામો અને તેમના અંદાજિત ખર્ચની વિગતો નીચે મુજબ છે:

(૧) ખીજડા શેરી વાલ્મિકી વાસ - રૂ. ૮૦,૩૬૨. (૨) લાકડિયા શેરી વાલ્મિકી વાસ - રૂ. ૩૫,૧૫૮. (૩) બ્રાહ્મણપીઠ વિસ્તાર - રૂ. ૧,૮૨,૮૩૦. (૪) ચૂઈ ફળી વાલ્મિકી વાસ - રૂ. ૨,૧૮,૯૯૫. (૫) વાલ લીમડીથી જીયા કૂવા મેઈન ચેમ્બર - રૂ. ૮૪,૯૧૪. (૬) શંકરાચાર્ય મઠ પાછળ - રૂ. ૯૫,૭૬૮. (૭) શંકરભાઈ કંસારાના ઘરથી ખારીકૂઈ ચોક સુધી - રૂ. ૩૦,૪૭૨. ૯૮) સીએચસીથી જીવાભાઈના ઘર સુધી મપારાવાડ - રૂ. ૧,૫૫,૧૧૫. (૯) પૂનમભાઈ ચૂનારાના ઘરથી લાકડિયા શેરી વાલ્મિકી વાસ તરફ - રૂ. ૫૭,૨૫૭. (૧૦) ગુંદરા ચોકથી ગધેમાર તળાવ સુધી - રૂ. ૩,૭૨,૩૬૭. (૧૧) બ્રાહ્મણપીઠ નાળાથી નવા વાસ સ્ટેન્ડના જૂના રસ્તા તરફ નાળા સુધી - રૂ. ૪,૯૫,૬૭૫. આમ, નગરના ૧૧ વિસ્તારોમાં ગટરલાઈન નાખવામાં આવશે. તેનો કુલ ખર્ચ રૂ. ૧૮,૦૮,૯૧૩ અંદાજવામાં આવ્યો છે. આનાં ટેન્ડર ખોલવાની તારીખ ૧૮મી ઓગસ્ટ નક્કી કરવામાં આવી હતી.

આ ઉપરાંત આ વિસ્તારના ધારા સભ્યના અનુદાનમાંથી જે ગટર લાઈન બંધાવાની છે તે અંગેની જાહેર નિવિદા પણ બહાર પડાઈ હતી. આ નિવિદામાં જણાવેલા જુદાં જુદાં કામોની ખર્ચ સાથેની વિગતો નીચે મુજબ છે: (૧) કાચ પોળ - રૂ. ૧,૦૦,૫૮૮. (૨) કુંભાઈઢાળ વિસ્તાર - રૂ. ૪૮,૮૨૫.

## ખાસ સફાઈ ઉપકર નિયમો

નગરપાલિકાએ સફાઈ ઉપકર અંગે નવા નિયમો બહાર પાડ્યા છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૯૯(૭) હેઠળ ખાસ સફાઈ ઉપકર આકારવામાં આવશે અને વસૂલ કરવામાં આવશે. આ નિયમો હેઠળની વિગતો આ મુજબ છે:

(૧) ઘર, વેપારી પેઢીઓ, હોટલ, રેસ્ટોરન્ટ, લારી, ગલ્લા, ઓફિસો, કારખાનાં, શાક બજાર, માંસ બજાર, બાગ-બગીચા, પાવરલૂમ્સ વગેરેમાં રોજેરોજ ઉત્પન્ન થતો ઘન કચરો કોઈ પણ વ્યક્તિ જાહેર રસ્તા પર કે ગમે ત્યાં નાખી શકશે નહિ.

(૨) કચરા માટે દરેકે ફરજિયાત કચરાટોપલી રાખવાની રહેશે.

(૩) દિવસ દરમ્યાન કચરાટોપલીમાં એકત્ર થયેલો કચરો નગરપાલિકાએ નક્કી કરેલા સ્થળે જ નાખવાનો રહેશે.

(૪) ઘન કચરો નગરપાલિકાના સફાઈ કામદારને આપવો. અથવા કાગળ, પ્લાસ્ટિક, ધાતુ, કાચની બાટલીઓ વગેરે જેવો કચરો તે વીણનારાને કે તેના વેપારીઓને આપવો.

(૫) બાંધકામનો કચરો કે માલસામાન ગમે તેમ નાખી કે મૂકી શકાશે નહિ.

(૬) હોસ્પિટલો, દવાખાનાં, પ્રસૂતિ ગૃહો, લેબોરેટરી વગેરેએ તેમના તબીબી કચરાનો ઈન્સિનરેટર દ્વારા નાશ કરવાનો રહેશે.

(૭) ૨૦ માઈક્રોન કરતાં ઓછી જાડાઈના પ્લાસ્ટિકનો ઉપયોગ કરી શકાશે નહિ.

(૮) જે વિસ્તારમાં નગરપાલિકાએ દરેક ઘરેથી કચરાના એકત્રીકરણની કામગીરી હાથ ધરી છે ત્યાં લોકોએ ફરજિયાત કચરાટોપલી રાખવાની રહેશે. નગરપાલિકાનું વાહન કચરો લેવા આવે ત્યારે રહીશોએ જાતે કચરાટોપલીનો કચરો તે વાહનમાં ઠાલવવાનો રહેશે.

(૯) જાહેર રસ્તાઓ ઉપર કે નગરપાલિકાની કે સરકારી જમીનમાં ઢોર-ઢાંખર બાંધી ઘાસફૂસ તથા છાણમૂત્રની ગંદકી કરી શકાશે નહીં તેમ જ છાણના ઉકરડા કરી શકાશે નહીં.

(૧૦) આ નિયમોના ભંગ બદલ નગરપાલિકાના ચીફ ઓફિસર વહીવટી ચાર્જ વસુલ કરી શકશે અને પાલિકાની આવશ્યક સેવાઓ અટકાવી કે બંધ કરી શકશે તેમ જ કાયદેસરની કાર્યવાહી કરશે.

### ખાસ સફાઈ ઉપકર ભરવાનો વખત

(૧) ઈમારતો અને જમીનો ઉપર ભરવાનો થતો ખાસ સફાઈ ઉપકર એક જ હપતે આખા વર્ષ માટે વર્ષની જરૂઆતમાં લેવામાં આવશે.

(૨) જેઓ એક જ આ વેરો વર્ષની શરૂઆતના પ્રથમ ત્રણ માસમાં એટલે કે ૩૧મી જુલાઈ સુધીમાં ભરશે તેમને ૫ ટકા રિબેટ આપવામાં આવશે.

(૩) વર્ષના અંત સુધીમાં ખાસ સફાઈ ઉપકર ન ભરે તેમની પાસેથી વાર્ષિક ૧૮ ટકા લેખે વિલંબિત ચુકવણી ચાર્જ વસૂલ કરવામાં આવશે.

### ખાસ સફાઈ ઉપકરના દર

| ક્રમ | હેતુ | હાલના દર | સૂચિત દર |
|---|---|---|---|
| ૧. | જેનો ઉપયોગ ફક્ત રહેઠાણ તરીકે જ થતો હોય તેવી ઈમારત કે જમીનનો ખાસ સફાઈ ઉપકર | - | રૂ. ૧૨૦ |
| ૨. | તમામ વેપારી પેઢીઓ, લારીગલ્લા, શાકભાજીની દુકાનો, મટનની દુકાનો, વિ. ઈમારત કે જમીનનો ખાસ સફાઈ ઉપકર | - | રૂ. ૩૦૦ |
| ૩. | જેનો ઉપયોગ હોસ્પિટલ, બોર્ડિંગ હાઉસ, થિયેટર, રહેઠાણવાળી લોજ કે હોટલ, નાનાં કારખાનાં, તબેલા, તેમ જ હોલ કે વાડી તરીકે થતો હશે તેવા મકાન અથવા જમીનનો ખાસ સફાઈ ઉપકર. | - | રૂ. ૫૦૦ |
| ૪. | રેલવે સત્તાવાળાની તથા પોલિસ સત્તાની તથા સરકારની તમામ મિલકત તથા અન્ય સહકારી સંસ્થાઓની તથા અર્ધસરકારી સંસ્થાઓની, શૈક્ષણિક સંસ્થાઓ, તાલુકા પંચાયતની તથા પોસ્ટ એન્ડ ટેલિગ્રાફ્સ ડિપાર્ટમેન્ટની તમામ મિલકત જેમાં ખુલ્લી જમીનોનો પણ સમાવેશ થાય છે તેના ઉપર. | - | રૂ. ૨૫૦ |
| ૫. | જે ઈમારત કે જમીનનો ઉપયોગ રાઈસ મિલ, ઓઈલ મિલ, જિનિંગ, ફેક્ટરી મમરા-પૌંઆ ફેક્ટરી, અન્ય કારખાનાં, ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ તેમ જ આઈસ ફેક્ટરી તરીકે થતો હશે તેવી મિલકતો. | - | રૂ. ૧૦૦૦ |

| ક્રમ | હેતુ | હાલના દર | સૂચિત દર |
|---|---|---|---|
| ૧. | નિયમોના પ્રથમ વખતના ભંગ બદલ વહીવટી ચાર્જ | - | રૂ. ૧૦૦ |
| ૨. | નિયમોના બીજી વખતના ભંગ બદલ વહીવટી ચાર્જ | - | રૂ. ૨૦૦ |
| ૩. | નિયમોના ત્રીજી વખતના ભંગ બદલ વહીવટી ચાર્જ | - | રૂ. ૩૦૦ |

## નગરી નગરી દ્વારે દ્વારે

## વાલ્મિકી સમાજમાં બેકારી

ધોળકા નગરપાલિકાએ નગરના કેટલાક વિસ્તારોમાં ઘેર ઘેરથી કચરો એકત્ર કરવાની પ્રક્રિયા છેલ્લા કેટલા સમયથી શરૂ કરી છે. નગરપાલિકાના સફાઈ કામદારો આ કામગીરી બજાવે છે. આને પરિણામે વાલ્મિકી સમાજનાં જે ભાઈ-બહેનો નાનાં ફળિયાં અને શેરીઓ વાળતાં હતાં તેઓ હવે બેકાર બની ગયાં છે. આ ભાઈ-બહેનોને જે તે ફળિયાં કે શેરીના રહીશો સાંજનું ભોજન આપતા હતા. હવે આ વાળુ પ્રથા બંધ થઈ ગઈ છે અને તેને પરિણામે આશરે ૨૫૦ જેટલા સફાઈ કામદારો બેકાર બની ગયા છે. નગરપાલિકાના સફાઈ કામદારો મોટે ભાગે ધોળકા નગરના મુખ્ય રસ્તાઓની જ સફાઈ કરતા હતા અને નાના શેરી રસ્તાઓની સફાઈ અન્ય વાલ્મિકી ભાઈ-બહેનો કરતાં હતાં. હવે ઘેર ઘેરથી કચરો એકત્ર કરવાની કામગીરીનો આરંભ થતાં આ શેરીઓ કે ફળિયાં ગંદાં થતાં નથી અને તેથી તેમની સફાઈ કરવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. તેને પરિણામે સ્થાનિક લોકોએ વાલ્મિકી સમાજનાં ભાઈ-બહેનોને વાળુ આપવાનું પણ બંધ કર્યું છે. આમ, તેમનો જીવનનિર્વાહ છિનવાઈ ગયો છે.

આ અંગે તા.૨૬.૯.૨૦૦૫ને સોમવારના રોજ ચૂઈ ફળી વાલ્મિકીવાસમાં એક બેઠક મળી હતી અને તેમાં વાલ્મિકી સમુદાયના ૨૨ નાગરિકો હાજર રહ્યા હતા. તેમણે નગરપાલિકાના મુખ્ય અધિકારીને એક અરજી કરીને એવી વિનંતી કરી છે કે જે વાલ્મિકી ભાઈ-બહેનો અગાઉથી જે શેરીઓ કે ફળિયાંની સફાઈ કરતાં હતાં તેમને જ તે શેરી-ફળિયાંમાંથી ઘેર ઘેર કચરો એકત્ર કરવાની કામગીરી નગરપાલિકા દ્વારા સોંપવામાં આવે. જો એમ થશે તો તેમને ફરીથી રોજી-રોટી મળતી થશે. 'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા પણ પાલિકામાં આ પ્રશ્ને રજૂઆત કરાઈ છે.

## વોર્ડ બેઠકો

'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા દર મહિને નગરના જુદા જુદા વોર્ડમાં નાગરિકોની બેઠકો યોજવામાં આવે છે. આ બેઠકોનો ઉદ્દેશ જે તે વિસ્તારના નાગરિકો તેમના વિસ્તારના પ્રશ્નો અંગે રજૂઆત કરતા થાય અને નગરપાલિકા તથા નાગરિકો વચ્ચે સહયોગ ઊભો થાય. આવી વોર્ડ બેઠકોનો અહેવાલ નીચે મુજબ છેઃ

### ચૂઈ ફળી

વોર્ડ નં-૧માં ચૂઈ ફળીમાં વાલ્મિકી વાસ ખાતે તા.૨૬.૮.૦૫ના રોજ વોર્ડ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ૩૦ નાગરિકો હાજર રહ્યા હતા. આ બેઠકમાં ખાસ કરીને નગરપાલિકા દ્વારા વિવિધ વેરાઓ વધારવાની જે દરખાસ્ત છે તેને વિશે ચર્ચા થઈ હતી. બેઠકમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે સફાઈ કામદારો જે વેરા વધારો સૂચવવામાં આવ્યો છે તે ભરી શકે તેમ નથી. બધાને માથે એકસરખી રીતે વેરો ઠોકી બેસાડવો ન જોઈએ એવી રજૂઆત આ બેઠકમાં થઈ હતી. નગરપાલિકામાં પોતાના વાંધાઓ રજૂ કરવાનું પણ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં બીજી એક બેઠક તા.૧૮.૯.૨૦૦૫ના રોજ મળી હતી. તેમાં ૪૨ નાગરિકો હાજર રહ્યા હતા. આ બેઠકમાં પણ વેરા વધારો જ મુખ્ય ચર્ચાનો વિષય રહ્યો હતો. બેઠકમાં જે વાંધા અરજી તૈયાર કરવામાં આવી હતી તે વાંચી સંભળાવવામાં આવી હતી. ગટર અને સફાઈની સગવડ આપવામાં આવતી નથી માટે આ વિસ્તારમાંથી તે વેરા ન ઉઘરાવવા જોઈએ એમ પણ તેમાં જણાવવામાં આવ્યું હતું. નગરપાલિકામાં તા.૨૧.૯.૨૦૦૫ના રોજ વાંધા અરજી જમા કરાવવામાં આવી છે.

### ઠાકોરવાસ

વોર્ડ નં-૪માં ક્ષત્રિય ઠાકોર વાસમાં તા.૨૫.૮.૨૦૦૫ના રોજ મળેલી બેઠકમાં ૨૦ નાગરિકો હાજર રહ્યા હતા. તેમાં પણ સૂચિત વેરા વધારો મુખ્ય વિષય હતો. લોકોની એવી લાગણી હતી કે ગરીબ અને મજૂર વર્ગ માટે આ વધારો અસહ્ય છે. પાલિકામાં એક વાંધા અરજી આપવી એમ પણ નક્કી કરવામાં આવ્યું હતું. આ જ વિસ્તારમાં બીજી એક બેઠક જોગણી માતાના મંદિરે તા.૨૦.૯.૨૦૦૫ના રોજ સાંજે ૬.૦૦ વાગ્યે યોજવામાં આવી હતી. તેમાં ૬ બહેનો સહિત ૩૫ નાગરિકો હાજર રહ્યાં હતાં. તેમાં પણ વેરા વધારાનો પ્રશ્ન મુખ્ય હતો. પછી તા.૨૧.૯.૨૦૦૫ના રોજ એક વાંધા અરજી નગરપાલિકામાં સુપરત કરવામાં આવી હતી. શ્રી છનાજી મોતીજી ઠાકોરની આગેવાની હેઠળ આ અરજીમાં કુલ ૪૪ નાગરિકોએ સહીઓ કરી છે. આ અરજીમાં એમ જણાવાયું હતું કે વેરા વધારામાં ઝૂંપડપટ્ટી અને પછાત વિસ્તારમાં રહેતા લોકોનો સમાવેશ ન કરવામાં આવે.

### ખાનના પરા

તા.૨૯.૮.૨૦૦૫ને સોમવારના રોજ ખાનના પરામાં દેવીપૂજક વાસ ખાસે વોર્ડ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પણ નગરપાલિકા દ્વારા સૂચવવામાં આવેલા વેરા વધારા વિશે ચર્ચા થઈ હતી. તેમાં ૨૫ નાગરિકો હાજર રહ્યા હતા. તેમાં પાણી વેરામાં વધારો ન કરવા, ગટર વેરો ન લાદવા અને સફાઈ ઉપકર નાબૂદ કરવા ચર્ચા થઈ હતી. આ માટે એક વાંધા અરજી સુપરત કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

## સરકારી યોજના

## આપત્તિગ્રસ્તોને સહાયની યોજના

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે તા.૨૭.૮.૨૦૦૨ના રોજ ઠરાવ નં-સીએલએસ/૧૫૨૦૦૧/૨૪૦૫/(૨) ૨૧.૩થી ચોમાસા દરમ્યાન પૂર, અતિવૃષ્ટિ ભારે વરસાદ, વીજળી પડવી, ઝાડ કે મકાન પડી જવું, તણાઈ જવું વગેરેને કારણે થતાં માનવ મૃત્યુ અને પશુ મૃત્યુ અંગેની મૃત્યુ સહાયનું ધોરણ, કાચાં અને પાકાં મકાનો તેમ જ ઝૂંપડાંઓ અંશતઃ કે સંપૂર્ણ પડી જાય તેનાં સહાયનાં તેમ જ રોકડ રાહત, ઘરવખરી સહાયનાં ધોરણો નક્કી કરવા અંગેની બાબત સરકારની સક્રિય વિચારણા

હેઠળ હતી. કેન્દ્ર સરકારના આપત્તિ રાહત ભંડોળમાંથી ખર્ચ કરવા અંગેના માર્ગદર્શક સિદ્ધાંતો ધ્યાને રાખીને આ સહાયનાં ધોરણો તા.૧.૬.૨૦૦૨ની પશ્ચાદ્‌વર્તી અસરથી નીચે મુજબ નક્કી કરવાનું ઠરાવવામાં આવ્યું છેઃ

### [૧] મૃત્યુ સહાયઃ

**(અ) પુખ્ત વયના વ્યક્તિ માટેઃ** પુખ્ત વયના વ્યક્તિનું કુદરતી આપત્તિ દરમ્યાન મૃત્યુ થાય તેવા સંજોગોમાં રૂ. ૨૫,૦૦૦ સરકારી ફંડમાંથી કેલેમિટી રિલીફ ફંડમાંથી અને રૂ. ૨૫,૦૦૦ મુખ્ય મંત્રીના રાહત ફંડમાંથી મળીને કુલ રૂ. ૫૦,૦૦૦ની મૃત્યુ સહાય ચૂકવાશે.

**(બ) સગીર વયની વ્યક્તિ માટે (પાંચ વર્ષથી ઉંમરમાં મોટા):** સગીર વયની વ્યકિતનું કુદરતી આપત્તિ દરમ્યાન મૃત્યુ થાય તો રૂ. ૧૫,૦૦૦ સરકારી ફંડમાંથી કેલેમિટી રિલીફ ફંડમાંથી અને રૂ. ૧૫,૦૦૦ મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી મળીને કુલ રૂ. ૩૦,૦૦૦ની મૃત્યુ સહાય ચૂકવવાની રહેશે.

**(ક) પાંચ વર્ષ સુધીના બાળક માટેઃ** પાંચ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકનું કુદરતી આપત્તિ દરમ્યાન મૃત્યુ થાય તો તેવા કિસ્સામાં રૂ. ૫,૦૦૦ સરકારી ફંડમાંથી કેલેમિટી રિલીફ ફંડમાંથી અને રૂ. ૫,૦૦૦ મુખ્ય મંત્રીના રાહત ફંડમાંથી મળીને કુલ રૂ. ૧૦,૦૦૦ની મૃત્યુ સહાય ચૂકવવાની રહેશે.

**(ડ)** જો ભારત સરકાર તરફથી વડા પ્રધાનના ફંડમાંથી મંજૂર થાય તો તે પ્રમાણેના વધારાના રૂ. ૫૦,૦૦૦ ચૂકવી શકાશે.

**મૃત્યુ સહાય ચૂકવવા માટેના ધ્યાને લેવાના સિદ્ધાંતો**

(૧) આપત્તિની અસરને કારણે મૃત્યુ થયું છે તે ચકાસવાનું રહેશે.

(૨) મૃત્યુ પામનાર વ્યક્તિ-બાળકના કિસ્સામાં પોલિસ ફરિયાદ અને પોસ્ટ મોર્ટમ કરાવવાનું રહેશે.

(૩) મૃત્યુ થયા અંગેની વિગતો સંબંધિત કચેરીના રેકર્ડમાં રાખવાની રહેશે અને આ વિગતોમાં બનાવનું સ્થળ જેના અધિકારપત્રમાં આવે છે. તેવા સરપંચ, તલાટી, નગર પંચાયત/ નગરપાલિકા/ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટદાર-સત્તાધીશ દ્વારા મૃત્યુ કુદરતી આપત્તિ કારણે થયું છે તેવું પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.

(૪) મૃત્યુ થયા પછી પોસ્ટ મોર્ટમ કે ફરિયાદ કાબૂ બહારના સંજોગોને કારણે ન થઈ શક્યાં હોય તો આ સંદર્ભે જિલ્લા અધિકારી દ્વારા તમામ રેકર્ડ અને ઉપલબ્ધ માહિતીની ખરાઈ પછી આ મૃત્યુ કુદરતી આપત્તિને કારણે થયું છે તેવું સ્પષ્ટપણે પ્રતિપાદિત કરવાનું રહેશે. મૃત્યુ સહાય ચૂકવતાં પહેલાં મહેસૂલ વિભાગની આવા કિસ્સાઓ પૂરતી અલગ અનુમતિ મેળવવાની રહેશે.

(૫) મૃત્યુ સહાયની ચુકવણીની રકમ કાયદેસરના વારસદારને ચૂકવવાની રહેશે. આ માટે ધ્યાને લેવાની થતી પ્રવર્તમાન સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૬) રાજ્ય સરકાર દ્વારા તમામ ખેડૂતોનો વીમો લેવાયેલો છે. આથી પૂર/વાવાઝોડામાં મૃત્યુ પામતા ખેડૂતોના કિસ્સામાં વિભાગના ઠરાવમાંની રાહતો ચૂકવ્યા બાદ વિમાના દાવા માટેનું સંપૂર્ણ વિગતો સાથેનું ફોર્મ ભરીને સંબંધિત વિભાગને મોકલવાનું રહેશે. તે જ રીતે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તમામ વિદ્યાર્થીઓને વીમાનું રક્ષણ પૂરું પાડવામાં આવેલ છે. આથી કુદરતી આપત્તિથી થતાં વિદ્યાર્થીના મૃત્યુના કિસ્સામાં પણ ઉપર મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) મૃત્યુ સહાયનું ચુકવણું ચેક મારફતે કરવાનું રહેશે.

### [૨] દૈનિક રોકડ સહાય [કેશ ડોલ્સ]:

વ્યક્તિદીઠ દૈનિક રૂ. ૧૫. વધુમાં વધુ ૧૫ દિવસ માટે. કુટુંબદીઠ મહત્તમ પાંચ વ્યક્તિઓની મર્યાદામાં.

### [૩] ઘરવખરી સહાયઃ કુટુંબદીઠ રૂ. ૧૨૫૦.

### [૪] મકાનો/ઝૂંપડા સહાયઃ

**(અ)** કાચાં/પાકાં અંશતઃ નાશ પામેલાં મકાનો/ઝૂંપડાઓના કિસ્સામાં સર્વે ટીમના નુકસાનના અંદાજ પ્રમાણે રૂ. ૨૫,૦૦૦ સુધીના સહાય ચૂકવવાની રહેશે.

**(બ)** કાચાં/પાકાં સંપૂર્ણ નાશ પામેલાં મકાનોના કિસ્સામાં સર્વે ટીમના નુકસાનના અંદાજ પ્રમાણે રૂ. ૫૦,૦૦૦ સુધીના સહાય ચૂકવાશે. આ સહાય ચૂકવવા અંગેના સિદ્ધાંતો તા. ૩૧.૭.૨૦૦૦ના ઠરાવમાંની જોગવાઈ મુજબ યથાવત્ રહેશે.

જ્યારે નાયબ મામલતદાર, નાયબ ચિટનીસ, મદદનીશ ઈજનેર, અ.મ.ઈ. અને તલાટી-કમ-મંત્રી દ્વારા કરવામાં આવેલો સર્વે આખરી ગણાશે.

### [૫] પશુ મૃત્યુ સહાયઃ

આ સહાયનાં ધોરણો અને સિદ્ધાંતો તા. ૩૧.૭.૨૦૦૦ના ઠરાવ તથા તા. ૧૨.૬.૨૦૦૨ના સમાન ક્રમાંકના સુધારા ઠરાવ મુજબ યથાવત્ રહેશે.


**વધુ માહિતી માટે સંપર્ક**

વહીવટદાર અને ચીફ ઓફિસર
**ધોળકા નગરપાલિકા**
ટાવર બજાર, ધોળકા.
ફોન નં: ૯૫-૨૭૧૪-૨૨૨૨૬૨

**નાગરિક સહયોગ કેન્દ્ર**
(ઉન્નતિ અને ધોળકા નગરપાલિકાનો સંયુક્ત પ્રયાસ)
મારફતિયા ઓફિસ પાસે,
રેલવે સ્ટેશન રોડ, ધોળકા. ફોન નં: ૯૫-૨૭૧૪-૨૨૨૩૭૧

**ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન**
જી-૧/૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ફોનઃ (૦૭૯) ૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬, ફેક્સઃ ૨૬૭૪૩૭૫૨


*ફક્ત અંગત વિતરણ માટે*